શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન
જ્ઞાતિનું કેન્દ્રવર્તી મહાજન

# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૪ • સળંગ અંક : ૨૫૨ • તા.૮ એપ્રિલ થી ૧૪ એપ્રિલ ૨૦૨૩

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.


## મૂક સિનેમાના જીવંત એન્સાયક્લોપીડિયા ગણાતા ફિલ્મ ઈતિહાસકાર, સંશોધક




# વીરચંદ ધરમશી






# insurancekhoj.com™

**the ultimate stop for insurance™**

#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.

90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com

LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email :

gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


# અમારી વાત...

## સંપાદક સ્થાનેથી

# આદર્શવાદી કરતાં વ્યવહારૂ બનવું સારું

જિંદગીના વ્યવહારનો આ એક સરળ નિયમ છે કે જે સીધા સરળ અને સાદી પ્રકૃતિના હોય તેને કાપવા, તેને કદ મુજબ વેતરી નાખવા સૌ તત્પર હોય છે. આ દુનિયા સાવ સરળ અને સીધા એવા જણની જિંદગી બહુ સરળ અને સીધી રહેવા દેતી નથી. જંગલના વૃક્ષોને કાપતા કઠિયારો વાંકા ચૂંકા, આડા અવળા વૃક્ષોને હાથ નથી લગાડતો પણ સીધા, અડગ ઊભા અને અડીખમ રહેતા ઝાડને વીણી વીણીને કાપે છે. આડો અવળો આકાર ધરાવતા ઝાડને કાપવાનું કઠિયારો પણ વિચારતો નથી. જંગલનો આ કાનૂન કે ધારો છૂપી રીતે અહીં પણ જાણે લાગુ પડે છે. જે વૃક્ષ વાંકા, કાંટાવાળા, ગાંઠવાળા અને આડા અવળા ફેલાયલા હોય એ કુહાડીના મારથી બચી જાય છે.

એટલે સરળ હોવું, સાચા અને સીધા સપાટ હોવું જાણે આ સમયનો મોટો ગુનો છે. વધુ પડતાં સીધા સરળ માણસની હાલત આજે લોકો કપરી કરી નાંખે છે. એટલે સ્વભાવથી અળવીતરા બોલચાલથી કટુવાણી ધરાવતા અને સામૂહિક કાર્યમાં અસહકાર્ય કરનારાઓ જાણે ઝાડી ઝાંખરા પોતાની આસપાસ ઊભા કરી દે છે જેને લીધે કોઈ અડી શકતું નથી કે તેનાથી સૌ દૂર રહે છે. સરળ વ્યક્તિ જરા ઓછા સરળ બને, થોડા વ્યવહારું બને અને પોતાના ચશ્માથી નહી અન્યના ચશ્માથી જગતના વ્યવહાર દર્શનને નિહાળે, થોડા ગણતરી બાજ બને. કારણ કે જગતમાં રહેવું છે તો થોડુંક તેના જેવું બનવું જોઈએ. સ્વનું અસ્તિત્વ જાળવવા માટે દુનિયાની પ્રચલિત રીત અપનાવી પડે, ઉપયોગ થતા કાવાદાવાને સમજવા જોઈએ. આપણી સામે થતા કારસાને સમજવાને શીખવા પડે. દરેક લડાઈ કંઈ કશું મેળવવા માટેની નથી હોતી. એ કોકના અસ્તિત્વને બચાવવા માટેની હોય છે. ટકી રહેવા ખમીર સાથે મરું કાં મારું ની ધ્યેયથી લડાઈ લડવી પડે છે.

જગતમાં ઉપયોગી થનાર સીધા હોય છે. સાચું કહીએ તો જે સરળ હોય છે તેનો લોકો ઉપયોગ કરી લે છે. પણ સરળ સ્વભાવના વ્યક્તિને આની જાણ પણ થતી નથી કે તેનો ઉપયોગ લોકો કરી રહ્યાં છે. આ અજાણતા તેમના સ્વભાવની, સરળતાની છે. જે માનવીઓ અકોણા, અળવીતરા હોય જે પોતાને પણ કામમાં નથી આવતા તે પારકાને શું ઉપયોગી થવાના? જીવનનું આદર્શ વ્યવહારું થવામાં છે. જેઓ પોતાના આદર્શને ત્યજી દેતા નથી, ખોટા ખરાબ કામ કરતાં નથી, અન્ય ને દુ:ખ દર્દ આપવા માટે તેમનું જિગર ચાલતું નથી. તેઓ પોતાની જગા આપોઆપ મેળવી લે છે અથવા તો ભીડ પોતાની રીતે તેમને રસ્તો આપી દે છે. કારણ કે અન્યથી નોખા પડનારા લોકો અનોખા રહેવાના જ.

બહુધા લોકો ભૌતિકવાદી હોય ત્યારે એમાં પોતાનું સ્થાન બનાવવા, અડગતાથી ઊભા રહેવા માટે તકલીફ પડવાની પણ જેમ કાદવમાં કમળ પોતાની જગ્યા બનાવી જ લે છે તે છતાં કાદવની ગંદકીથી લિપ્ત થતું નથી. આવા આદર્શવાદી વ્યક્તિઓ ખોટા કામ કરતાં નથી. ખોટી રીત આચરણ કરતાં નથી તે છતાં પોતાનું અસ્તિત્વ ટકાવી શકે છે. પોતાની અલગ ઓળખ, અલગ પ્રતિભા બતાવી શકે છે. જીવન આદર્શો પ્રમાણે જીવવાં કરતાં વ્યવહારુ થઈને જીવવું વધુ સારું છે. આદર્શોને માપદંડ તરીકે અપનાવવું માર્ગ તરીકે નહીં. તો જ એ વ્યવહારુ રસ્તો આપણા માટે થઈ શકે.

– જય જ્ઞાતિમૈયા

# સુખ અને દુઃખની પરિસ્થિતિ

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

વ્યક્તિ જ્યારે બીજાનું બુરૂં કરે ત્યારે પોતાનું બુરૂં થઈ જતું હોય છે. તેનો ખ્યાલ તેને રહેતો નથી. મનમાં ઘર કરી બેઠેલો લોભ અને બીજો ક્રોધને લીધે તે પોતાનું હિત જોઈ શકતો નથી. જે બીજાને દુઃખી કરવા ઈચ્છે છે તે પોતાને દુઃખ ભોગવું પડે છે. આ અસ્તિત્વનો નિયમ છે કે જે વસ્તુ આપણે સામેની તરફ ફેંકીએ છીએ તે બમણા વેગથી આપણી તરફ પાછી આવે છે. જેવું કરીએ તેવું ભોગવવું પડે છે એ નીતિ શાસ્ત્રનો સનાતન સત્ય છે. કોઈને દુઃખી કરીને માણસ સુખી બની શકે નહી. કાવાદાવા, ઈર્ષા, છળકપટ,અદેખાઈ, લોભને પ્રતિશોધ લેવાના સતત વિચાર માણસને જપતા દેતા નથી.

દરેક ઉપર ચડી ગડી ગયેલો માણસ નીચેનાં માણસને હરીફ ગણે છે. તે ઉપર આવી પોતાની બરોબરી ન કરે એની ફિરાકમાં રહે છે. દરેકને પોતાનું જોવું છે, પોતે સુખી રહે, પોતાને સુખ મળે એના પ્રયત્નોમાં સતત રહે છે. બીજાને ઊથલાવી મીટાવીને જો સુખ મળતું હોય તો એ માટે તે તૈયાર હોય છે. અતિ સુખ પામવાના લોભમાં માણસ માણસાઈ છોડી દે છે. લોભને થોભ નથી. કોઈપણ માણસ દુઃખી છે તો તે પોતાને કારણે છે. એ માનવા તે તૈયાર નથી. તેની મનોગ્રંથિમાં બીજાને કારણે પોતે દુઃખી છે એવું માને છે. આ કસ્તુરી મૃગ જેવી વાત છે. કસ્તુરી તેની ડુંટીમાં હોવા છતાં અહીં તહીં ફાંફાં મારી વ્યથ સમય શક્તિને જીવન ગુમાવે છે.


જીવનમાં એકલું સુખ શક્ય નથી અને સતત સુખ હોય તો તેની મજા પણ નથી. એકધારો સારો સમય કંઈ શીખવા નથી દેતું. સુખ દુઃખની ઝાંય જો જીવનમાં આવતી રહે તો દરેક અનુભવ સમજણ અને સભાનતા આવે જિંદગીમાં સપ્રમાણ મળે એનો આનંદ અનોખો હોય છે. સુખ જલ્દી સમાપ્ત થઈ જાય છે. અને દુઃખ અતિ ઘણું લાંબુ ચાલે છે. એવું લાગે છે પણ આ મનોસ્થિતિ છે. કારણકે સુખ આવ્યા પછી આજુબાજુમાં આપણી નજર જતી નથી કે કોઈ આપણે દેખાતું નથી જ્યારે દુઃખમાં આપણી નજર આસપાસ ફરતી હોય છે, અન્ય શું કરે છે, કેવી રીતે રહે છે, જીવે છે એની પ્રત્યે રહેતી હોય છે. આમ સુખ પોતાને જોવામાં મશગુલ રહેવું દુઃખમાં અન્યને જોવાને લીધે મનની પીડા મન વેદના વધતી રહે છે. માટે સુખ પરિસ્થિતિ હોય કે દુઃખની અવસ્થા સમભાવ, સંતોષ અને સમતોલ ભાવ રાખીને જીવીએ તો આનંદ અનુભવી શકાય એ સમજણ આવી જાય તો ઘણું.



**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# મૂક સિનેમાના જીવંત એન્સાયક્લોપીડિયા ગણાતા ફિલ્મ ઈતિહાસકાર, સંશોધક વીરચંદ ધરમશીનું નિધન



છેલ્લા થોડા સમયથી ફેફસામાં પાણી ભરાઇ જવાની સમસ્યાને કારણે નેરૂલની ડી.વાય. હોસ્પિટલમાં આઇસીયુમાં સારવાર મેળવી રહેલા હિંદી સિનેમાના જીવંત એન્સાયક્લોપીડિયા ગણાતા, ફિલ્મ ઈતિહાસકાર, સંશોધક મૂળ સુથરી હાલે નવી મુંબઈના વીરચંદ કલ્યાણજી ધરમશીનું તા.૬ એપ્રિલ ગુરૂવાર સવારે ૮૯ વર્ષની વયે અવસાન થયું.

૧૯૩૫માં કચ્છી દશા જ્ઞાતિના વેપારી પરિવારમાં જન્મેલા વીરચંદભાઇના પિતા કોપરા અને મરીના મોટા વેપારી હતા. પણ નાનપણથી જ વીરચંદભાઇને પુસ્તકોનો નાદ લાગ્યો હોઇ તેમણે છ વર્ષની વયે તો પોતાના પુસ્તકો જાતે ખરીદવાની શરૂઆત કરી જેને પરિણામે તેમને વિષયોમાં રસ પડ્યો હતો અને તેમણે યુવાન વયે જ સ્કૂલમાં જઇને ભણવાને બદલે જાતે જ પુસ્તકો દ્વારા ભણી એક અનોખો ચીલો ચાતર્યો હતો.



મૂળ મસ્જિદ બંદર વિસ્તારના રહીશ વીરચંદભાઇએ તેમના એ એક રૂમના ઘરમાં પણ અઢળક પુસ્તકો વસાવ્યા હતા. તેમણે પુસ્તકો દ્વારા વિવિધ વિષયમાં એવું પ્રાવિણ્ય મેળવ્યુ હતું કે જે તે વિષયના વિદ્વાનો પણ તેમની પાસે માર્ગદર્શન મેળવવામાં વીરચંદભાઇએ અનેક વિષયોની અફલાતૂન માહિતીનો સંગ્રહ કર્યો હતો.

ભગવાનલાલ ઇન્દ્રજી વિશે વિશદ જીવનચરિત્ર લખ્યા બાદ વીરચંદભાઇના કાર્યની પ્રથમવાર યોગ્ય નોંધ લેવાવાની શરૂઆત થઇ હતી. જેમના નામે મુંબઇમાં મોટું સંગ્રહાલય છે તે ડો.ભાઉદાજી લાડના પંદર વર્ષ સુધી સહાયક રહેલા ભગવાનજીના કાર્યની કોઇ સત્તાવાર નોંધ લેવાઈ નહોતી તે કઠતાં વીરચંદભાઇએબે દાયકા મહેનત કરી તેમનું જીવનચરિત્ર આલેખ્યું હતું.

**વીરચંદ કલ્યાણજી ધરમશી ને ૧૯૯૧ના જ્ઞાતિના ત્રીજા સંમેલનમાં સન્માનિત કરવામાં આવ્યા હતા**

# મૂક સિનેમાના જીવંત એન્સાયક્લોપીડિયા ગણાતા ફિલ્મ ઈતિહાસકાર, સંશોધક વીરચંદ ધરમશીનું નિધન





વીરચંદભાઇ માનતા હતા કે પાનવ પુરાતત્ત્વશાસ્ત્રમાં થિયરી એક બાબત છે પણ અસલ કામ તો ફિલ્ડ વર્ક છે. પરંતુ વીરચંદભાઇ એક એવા સંશોધક હતા. જે બે લીટી વચ્ચે રહેલી જગ્યામાં છુપાયેલા અર્થને શોધી કાઢી બખૂબી વાચક સમક્ષ મુકી આપતાં હતા. આજ કરવામાં કારણે તેમના મૂક સિનેમા વિશેના નિબંધો ભારે લોકપ્રિય બન્યા હતા. પશ્ચિમન આ નિબંધોમાં તેમણે મૂક સિનેમાની વિદેશી નવી જ દિશાઓ ખોલી આપી હતી. દાખલા તરીકે ૧૯૨૦ થી ૧૯૨૩ દરમ્યાન ૨૫ ફિલ્મોનું નિર્દેશન કરનારા કાનજીભાઇ રાઠોડ પર પ્રકાશ પાડવાનું કામ વીરચંદભાઈ એજ સૌપ્રથમ વહાણવટા જેવા અઘરા વિષયમાં પણ બાદ તેમની હથોટી એવી બેસી ગઇ હતી કે મોટીજહાજી કંપનીઓ પણ જહાજની ડિઝાઇન બનાવવામાં તેમની સલાહ લેતી હતી. ફિલ્મો સોસાયટી માટે મૂવમેન્ટમાં પણ તેઓ મોખરે રહ્યા હતા. સિનેમાના ક્ષેત્રના ખાસ મિત્રો પ્રકરણે માટે વીરચંદભાઇ પંડિત પાસોલિની બની ગયા હતા. તેમની મંજૂષા લેખશ્રેણી અભ્યાસુઓમાં લોકપ્રિય બની હતી.

હિંદી ફિલ્મ જગતના હિસ્ટોરિયન તરીકે વીરચંદ ધરમશી એ ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝના શરૂઆતના દોર એટલે કે મૂંગી ફિલ્મોથી લઈને ત્યારબાદ ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝના અલગ અલગ દોરને તેમણે બખૂબીથી અને ઝીણવટ ભરી માહિતી સાથે આલેખન બધ્ધ કર્યા હતા. ૨૦૨૨માં તેમના અમૂલ્ય યોગદાનને ધ્યાનમાં રાખીને તેમને ફિલ્મી હેરિટેજ ફાઉન્ડેશન તરફથી ગુલઝારના હસ્તે લાઈફટાઈમ અચિવમેન્ટ એવોર્ડથી નવાજવામાં આવ્યા હતા. ગૂગલ જમાનાના પહેલાના વર્ષોમાં તેમના સંશોધન કાર્ય અને નોંધ તેમજ માર્ગદર્શન મેળવવા દિગ્ગજો તેમનો સતત સંપર્ક કરતા હતા. પ્રચાર માધ્યમોથી પર રહીને તેમણે મૂકપણે પોતાના સંશોધનકાર, ઈતિહાસકારની ભૂમિકા અદ્ભૂત રીતે બજાવી જે બેમિસાલ બની રહેશે.

વિવિધ કલાક્ષેત્રની દિગ્ગજ પ્રતિભાઓ જેવી કે સત્યજિત રે, ચિત્રકાર ભૂપેન ખખ્ખર, અતુલ દોડિયા, લેખક ભરત નાયક, દિવંગત અભિનેતા પ્રવીણ જોષી, કવિ અરૂણ કોલટકર, આદિલ જુસવલ્લા તેમના અંત રંગ મિત્ર વર્તુળમાં હતા.

વીરચંદ ધરમશીને માટે એશિયાટિક સોસાયટી ઓફ મુંબઈ–ASM બીજા ઘર તરીકે મિત્ર વર્તુળમાં મજાકમાં જાણીતું હતું. ઔપચારિક રીતે તેઓ વધુ શિક્ષિત ન હોવા છતાં, અંગ્રેજીનું પણ ઓછું જ્ઞાન હોવા છતાં સંશોધક અને વિદ્વાન તરીકે કોઈપણ રીતે ઓછા ઉતરયાં ન હતા અને ચીવટપૂર્વક ઉત્તમ કાર્ય કર્યું હતું.

વીરચંદ ધરમશીના નિધન ફિલ્મ અને કલા જગતની નામી પ્રતિભાઓ શોખ પ્રદર્શિત કર્યો હતો. ફિલ્મ હેરિટેજ વિદ્વાન શિવેન્દ્ર સિંહ ડુંગરપુરે જણાવ્યું હતું કે તેમનું મૃત્યુ ભારત સિનેમાની ખોટ છે અને વ્યક્તિગત નુકસાન પણ છે. નેશનલ આર્ચિવસ ઓફ ઈન્ડિયાના ભૂતપૂર્વ સંચાલક પ્રકાશ મગદુમ એ અંજલિ આપતા ધરમશીની પ્રતિબધ્ધતા મૂંગી સિનેમા પ્રત્યે અદા વાચાળ અને પ્રતિબધ્ધતા કાયમી પ્રેરણાદાયી હતી.

# શ્રી ભલારા દાદા ટ્રસ્ટ દ્વારા ચૈત્રી મહોત્સવની ભવ્ય ઉજવણી





શ્રી ક.દ.ઓ.જ્ઞાતિજનોના આરાધ્ય દેવ શ્રી ભલારા દાદાના મુખ્ય સ્થાન લાલપુરમાં દર વર્ષની જેમ આ વર્ષે સં.૨૦૭૯ ચૈત્ર સુદ તેરસ થી પુનમ તા.૪ થી ૬ એપ્રિલ ૨૦૨૩ના ત્રિદિવસીય ધ્વજારોહણ મહોત્સવનું આયોજન શ્રી ભલારા દાદા ટ્રસ્ટ દ્વારા તથા યતિવર્ય શ્રી મોતીસાગરજી મ.સા.ની પાવન નિશ્રામાં કરવામાં આવેલ.

લગભગ ૧૨૫ ભાવિકોની હાજરીમાં પહેલાં બે દિવસ સવારે પક્ષાલ-કેશર-ફુલપુજા-આરતી, મધ્યાન આરતી, સાંધ્ય આરતી થયેલ. આ ઉત્સવમાં ટ્રસ્ટી ઓ શામજીભાઈ નરશી દંડ, જયંતભાઈ વિશનજી છેડા તથા પંકજભાઈ ટોકરશી ખોના ઉપસ્થિત રહ્યા હતા. સ્વાગત કાઉન્ટર પર સોમચંદ જેઠાભાઇ સોની, દીપક ગંગાજર ડાઘા તથા અજિત માલશી લોડાયા એ સેવા આપેલ.





મહોત્સવમાં પધારેલા દરેક પરીવારને પાછા જતી વખતે ટ્રસ્ટ તરફથી દાદાની પ્રસાદી તથા ભાથું આપવામાં આવેલ.

ધ્વજારોહણ મહોત્સવના ત્રણ દિવસ સહિત વર્ષ ૨૦૨૩-૨૪ની ત્રણે ટંકની સાધર્મિક ભક્તિના લાભાર્થી-માતુશ્રી વિજયાબેન કુંવરજી હરશી લોડાયા, રાપરગઢવાળી તથા માતુશ્રી રાજબાઈ પદમશી ખીમજી મોતા, કુવાપધર હ. સૌ. જયશ્રીબેન ભરત મોતા છે.

# શ્રી ભલારા દાદા ટ્રસ્ટ દ્વારા ચૈત્રી મહોત્સવની ભવ્ય ઉજવણી





દર વર્ષની જેમ ચૈત્ર સુદ બારસના પાઠ રાખવામાં આવેલ જેના લાભાર્થી-વનરાજ કાંતિલાલ શિયાલ, દલતુંગી હતા. વિધિકાર અજિત માલશી લોડાયા.

ત્રણ દિવસની વિશેષતા નીચે મુજબ છે.

**પ્રથમ દિન ચૈત્ર સુદ ૧૩, તા. ૦૪.૦૪.૨૦૨૩** : દાદા ના સ્થાન થી લાલપુર ગામના શ્રી ધર્મનાથજી જિનાલય (૨ કિમી) શ્રી મહાવીર સ્વામી ભગવાનના જન્મ કલ્યાણક નિમિતે વાજતે ગાજતે ઢોલ શરણાઈ સાથે વરઘોડોનો આયોજન કરવામાં આવેલ. જેમાં લાલપુર ગામવાસીઓ સાથે ૧૫૦ શ્રાવકોએ નવકારશીનો લાભ લીધેલ.



સાંજે શ્રી ભલારા દાદા પાઠના લાભાર્થી પરીવાર ચિ. ખયાંશ અંકિત દિલીપ ભવાનજી લોડાયા, મુલુંડ-રાપર. પાઠના વિધિકાર - દીપક ગંગાજર ડાઘા. રાત્રે કુમારપાળ મહારાજની દિવડા આરતીના લાભાર્થી કિશોર કલ્યાણજી લોડાયા, આણંદ-તેરા.

**બીજો દિવસ ચૈત્ર સુદ ૧૪. તા. ૦૫.૦૪.૨૦૨૩** વિશેષતા : બપોરે ૪.૦૦ ક.થી. યતિવર્ય શ્રી મોતીસાગરજી મ.સા.ની નિશ્રામાં અચલગચ્છ અધિષ્ઠાયિકા દેવી શ્રી મહાકાળી માતાજીની ભાવનામાં થયેલ પ્રભાવના સૌજન્ય માતુશ્રી હિમાબાઈ મુરજી ભવાનજી નાગડા, રાપરગઢવાળી હતા તેમજ લક્કી ડ્રો સૌજન્ય શા. સોમચંદ જેઠાભાઇ સોની, સુથરી, રંજનબેન નારાણજી નેણશી સોની, સુથરી, શ્રી અજિત માલશી લોડાયા, તેરા. દરેક દાતાશ્રીએ ૨૫ ઈનામ આપેલ. એટલે કુલ ૭૫ ઈનામ શ્રાવકોને આપવામાં આવેલ છે.

સાંજે શ્રી ભલારા દાદાનો પાઠ લાભાર્થી ચિ. દેવાંશ સમીર શામજી દંડ, સાંધવ-મુલુંડ વિધિકારઃ વીરચંદ નરશી લોડાયા, રાત્રે શ્રી કુમારપાળ મહારાજાની દિવડા-આરતી. લાભાર્થી એક સદગૃહસ્થ પરિવાર હતું.

શ્રી ભલારા દાદા ટ્રસ્ટ દ્વારા સર્વે સાથી કર્મચારીઓ તેમજ સંસ્થાને મદદરૂપ થનારાઓનું સન્માન કર્યું હતું.

# શ્રી ભલારા દાદા ટ્રસ્ટ દ્વારા ચૈત્રી મહોત્સવની ભવ્ય ઉજવણી





**ત્રીજો દિવસ : ચૈત્ર સુદ પુનમ, તા. ૦૬.૦૪.૨૦૨૩** વિશેષતા : સવારે ૯.૦૦ ક. થી ધ્વજારોહણ મહોત્સવ.

દાદા ભલારા દેવસ્થાનને ધુપના ધુમાડે ત્રણ પ્રદક્ષિણા આપી તથા યતિવર્ય શ્રી મોતીસાગરજી મ.સા.ના મુખે માંગલિક સાંભળી બહારગામથી પધારેલા ૧૨૫ + ભાવિકોની હાજરીમાં ઉજવણી શરૂ થયેલ. લાલપર પંથના ધારાસભ્ય હેમંતભાઈએ પધારેલ અને તેમને દાદાશ્રીના આશીર્વાદ લીધા હતા. નવનિર્વાચિત હેમંતભાઈનું બહુમાન ટ્રસ્ટીશ્રી શામજી, જયંતભાઈ અને પંકજભાઈએ કરેલ. હેમંતભાઈએ તેમના આશીર્વચનમાં જણાવેલ હતું કે દાદાશ્રીની લીલા અપરંપરા છે. મારી ચુંટણી દરમ્યાન પ્રથમ પદયાત્રા મેં આ જ મંદિરથી શરૂ કરેલ અને તે મને ફળી હતી. અને મારો જવલંત વિજય થયો હતો. આ સ્થાનકને જ્યારે પણ જરૂર પડે ત્યારે નિસંકોચ મને આદેશ આપશો. હું જરૂર એ કાર્ય પૂર્ણ કરવાની કોશિષ કરીશ.







# શ્રી ભલારા દાદા ટ્રસ્ટ દ્વારા ચૈત્રી મહોત્સવની ભવ્ય ઉજવણી





## વિવિધ ચડાવાઓના લાભાર્થી પરીવાર આ મુજબ હતા

૧. **દાદાની પક્ષાલ પુજા :** સૌ. સંઘમાતા કલ્પનાબેન શામજી નરશી દંડ, સાંધવ
૨. **દાદાની કેશર પુજા :** ચિ.ખયાંશ અંકિત દિલીપ લોડાયા, રાપરગઢવાળી
૩. **દાદાને ફુલમાળા :** ચિ.ખયાંશ અંકિત દિલીપ લોડાયા, રાપરગઢવાળી
૪. **દાદાને હેમના દાગીના :** માતુશ્રી કાંતાબેન આણંદજી હીરજી ખોના, સાંધવ
૫. **વીરોજી-પાતોજીની અષ્ટપ્રકારી પુજા :** શ્રી ભલારા ભાવિક પુનમ મંડળ, મુંબઈ
૬. **શ્રી નવગ્રહ દેવતાઓની ધ્વજા :** કલ્પેશ માણેકજી મોતા, રાપરગઢવાળી તથા હીરાલાલ હંસરાજ ડાઘા, વરાડીયા
૭. **શ્રી ગણપતિજીની અષ્ટપ્રકારી પુજા :** હિરેન લધુભાઈ મૈશેરી, કોઠારા
૮. **શ્રી સચ્ચાઈ માતાજીની અષ્ટપ્રકારી પુજા :** મધુસુદન ઉમરશી ધુલ્લા, દલતુંગી
૯. **શ્રી અંબે માતાજીની અષ્ટપ્રકારી પુજા :** માતુશ્રી જમકુબાઈ મેઘજી દેવશી દંડ, કોઠારા
૧૦. **શ્રી મહાકાળી માતાજીની અષ્ટપ્રકારી પુજા :** માતુશ્રી વિજયાબેન કુંવરજી હરશી લોડાયા, રાપરગઢવાળી
૧૧. **ભલારા દાદાની મુખ્ય ધ્વજા :** માતુશ્રી ચંપાબેન હંસરાજ પરબત ડાઘા, વરાડીયા તથા માતુશ્રી તારાબેન માણેકજી કેશવજી મોતા, રાપરગઢવાળી
૧૨. **વીરોજી પાતોજી દેરીની ધ્વજા :** વીરચંદ મેઘજી દંડ, કોઠારા
૧૩. **નવગ્રહ દેવતાની પૂજા :** માતુશ્રી લક્ષ્મીબાઈ વિશનજી હીરજી છેડા, નલિયા
૧૪. **શ્રી પહેડી પ્રસાદ નવગ્રહ ધ્વજા :** દાદા ભલારા કેટરર્સ સૌ. જયાબેન ચીમનલાલ મુલજી મોમાયા, વરાડીયા
૧૫. **શ્રી પુજારી બાપાની સમાધિ દેરીની ધ્વજા :** માતુશ્રી દમયંતીબેન હંસરાજ દેવશી દંડ, સાંધવ
૧૬. **શ્રી ઓફીસ ભંડારાની પુજા તથા આરતી :** ચિ.ખયાંશ અંકિત દિલીપ લોડાયા, રાપરગઢવાળી
૧૭. **યતિવર્ય શ્રી મોતીસાગરજી મ.સા.નું ગુરૂ પુજન :** માતુશ્રી ચંપાબેન હંસરાજ પરબત ડાઘા, વરાડીયાવાળા તથા માતુશ્રી તારાબેન માણેકજી કેશવજી મોતા, રાપરગઢવાળી
૧૮. **ભલારા દાદાની મોટી આરતી :** ખયાંશ અંકિત દિલીપ લોડાયા, રાપરગઢવાળી
૧૯. **શ્રી ક્ષેત્રપાળ દાદા દેવાલયની ધ્વજા :** શ્રી ભલારા ભાવિક પુનમ મંડળ, મુંબઈ.

ચડાવાની કુલ રકમ રૂા.૬,૨૦,૨૯૩/-

સાંજે શ્રી ભલારા દાદાનો સમૂહ પાઠ વિધિકાર અજિત માલશી લોડાયા.

રાત્રે શ્રી કુમારપાળ મહારાજની આરતી લાભાર્થી નિલેશ દામજી નરશી દંડ, સાંધવવાળા.

**આગામી વર્ષના પાઠ માટે સં. ૨૦૮૦ ચૈત્ર સુદ બારસથી ચૌદસ ૨૦ થી ૨૨ એપ્રિલ ૨૦૨૪ માટે દાતા સૌજન્ય આવકાર્ય છે. સંપર્કઃ કુલિનભાઈ ૯૮૨૦૮૬૯૭૦૮**

# કોઠારા ગામે યોજાયેલ પખાવાજ કાર્યક્રમમાં પખાવાજ રસિકો મોટી સંખ્યામાં ઊમટ્યાં





અબડાસા તાલુકાનાં શ્રી કોઠારા જૈન મિત્ર મંડળે ૭૫ વર્ષ પૂરા કરતાં તેનાં અમૃત મહોત્સવ પ્રસંગે કોઠારા ગામે પખાવાજ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગ માણવા પખાવાજ રસીકો દૂર-દૂરથી કોઠારા ગામે પહોંચ્યા હતા. સંધ્યા ભોજન કર્મ અને કનિષ્ક દિપેશ મુનવર, જીયા જીગેશ તથા પર્વ અને પાર્શ્વ ઉમેશ, માતૃશ્રી કસ્તુરબાઇ હીરાચંદ મુનવર પરિવાર દ્વારા યોજાયું હતું.

કચ્છી દશા ઓશવાળ નાતનું નજરાણું અને પરંપરાગત સંસ્કૃતિ અને પ્રાચીન પખાવાજ સ્તવનોની રમઝટ ટકાવી રાખવા તથા તેને જાળવી રાખવાનાં પ્રયત્નોરૂપે આ કાર્યક્રમ દર વર્ષે જુદા-જુદા ગામે યોજાતો હોય છે. કોઠારા ગામે યોજાયેલ પખાવાજ કાર્યક્રમમાં અબડાસા ગામો તથા વડોદરા શહેર સહિત ૧૫ પખાવાજ મંડળીઓ જોડાઇ હતી. આખી રાત પખાવાજ સ્તવનોની રમઝટ જમાવી હતી.

પ્રારંભે કોઠારા જૈનમિત્ર મંડળ દ્વારા કોઠારા પખાવાજના દિવંગત ગાયકોને ભાવપૂર્વક અંજલી પ્રદાન કરાઇ હતી. તેમની સેવાઓને બિરદાવવામાં આવેલ.



નવકારમંત્ર સાથે કોઠારા મહિલા પખાવાજ મંડળે પખાવાજ કાર્યક્રમનો પ્રારંભ કરાવ્યો. હતો. આદિપુર અંતરજાળ મહિલા મંડળનાં મહિલાઓ, કોઠારા મહિલા મંડળના મહિલાઓએ પખાવાજ ગાયકી કરી મહિલા શક્તિ દ્વારા પખાવાજ ક્ષેત્રે પહેલ કરી પ્રાચીન પખાવાજ સ્તવનોને સુમધુર સ્વરોએ ગાઇ સૌને ખુશ કર્યા હતા.





# કોઠારા ગામે યોજાયેલ પખાવાજ કાર્યક્રમમાં પખાવાજ રસિકો મોટી સંખ્યામાં ઊમટ્યાં






આદિપુર અંતરજાળ પખાવાજ યુવા ગ્રુપ, સાંધવ, તેરા, નલીયા, વડોદરા, વરાડીયા, સાયરા, લાલા, મંજલ રેલડીયા, કોઠારા વિગેરે પખાવાજ મંડળોએ રાતભર પખાવાજ સ્તવનો રજુ કરી ''દશાઇ નાતનું નજરાણું'' પખાવાજ કાર્યક્રમને ચાર ચાંદ લગાવ્યા હતા. ૮૮ વર્ષીય હીરાલાલભાઇ જીવાણીએ પખાવાજ ગાયકી કરી સૌને આશ્ચર્યચક્તિ કર્યા હતા. કોઠારા જૈન મિત્ર મંડળ દ્વારા તેઓશ્રીનું સન્માન કરવામાં આવેલ. યુટુબ માધ્યમથી દેશ-વિદેશમાં રહેતા પખાવાજ રસીકોએ આ કાર્યક્રમ આખી રાત માણ્યો હતો. દરેક પખાવાજ મંડળોને શ્રી કોઠારા જૈન મિત્ર મંડળ દ્વારા સન્માનિત કરવામાં આવેલ.

શાંતીલાલભાઇ લોડાયા, ચન્દ્રકાન્તભાઇ થોભણ, શામજીભાઇ દંડ, લહેરચંદભાઇ એ. ખોના, ગોવિંદજી પટેલ, કિર્તી વી. ધરમશી, મણીલાલભાઇ છેડા, ઉત્તમભાઇ મોમાયા, દીનેશ એમ. શાહ, ચેતન ખોના, ઝવેરચંદ ખોના, રતીલાલભાઇ લોડાયા, દીપકભાઇ ડાઘા, પદમ લોડાયા, હીરાચંદ છેડા, મહેન્દ્ર લોડાયા, શાન્તીલાલભાઇ ધરમશીં, હીરાચંદ મૈશેરી સહિત પખાવાજ રસિકો ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમનું સંચાલન શ્રી પ્રબોધ મુનવરે જયારે આભાર દર્શન દિનેશભાઇ અજાણીએ કરેલ. વ્યવસ્થામાં રાયચંદ લોડાયા, હરીશ મુનવર, ખીરણ લોડાયા, ધનપતિ લોડાયા, મહેશ લોડાયા, દીનેશ મોતા, પ્રદિપ મુનવર, હીરાચંદ મૈશેરી, વર્ધમાન લોડાયા, ગીરીશ મોમાયા, પનુભા ધલ, દિપક નાગડા, નીલેશ લોડાયા તથા સર્વે કાર્યકર-ભાઇ-બહેનોએ સંભાળી હતી.

## નલિયા પખવાજ મંડળની કોઠારામાં દશાઈ નાતનું નજરાણું પખાવાજ ૨૦૨૩માં જમાવટ ભરી રજૂઆત કરી



તા.૨ એપ્રિલ રવિવારના શ્રી કોઠારા મિત્ર મંડળ દ્વારા તેના અમૃત મહોત્સવની ઉજવણી અવસરે દશાઈ નાતનું નજરાણું પખાવાજ ૨૦૨૩નો અનોખી અને શાનદાર કાર્યક્રમ યોજાયો. જેમાં નલિયા મહાજનના ભાઈઓ, નલિયા પખાવાજ મંડળના નેજા હેઠળ સરસ અને શાનદાર રજૂઆત કરી પ્રશંસા મેળવી હતી. નલિયા પખાવાજ મંડળના ભાઈઓ લલિત ખોના, મહેશ શામજી નાગડા, મહેશ ખીમજી નાગડા, ભરત નરેન્દ્ર મોમાયા, સાગર મયૂર લોડાયા, નીતિન ઝવેરચંદ, લિનેસ લહેરચંદ નાગડા, ભાવેશ પરેશભાઈ, વંશ રાજેશ મોતા, અનંત નિલેશ મોતા અને ભવ્ય હેમંત લાલકા સર્વેનું કોઠારા મિત્ર મંડળ સન્માન કરી નવાજવામાં આવેલ.

# નલિનપુર નગરે નલિયા તીર્થે પ્રભુજી મહાવીર જન્મ કલ્યાણકની ભવ્યાતિભવ્ય ઉજવણી કરાઈ







ચૈત્ર સુદ તેરસ તા.૦૩ એપ્રિલના રોજ શ્રી મહાવીર જન્મ કલ્યાણક નિમિત્તે શ્રી નલિયા તીર્થના દેરાસરથી નલિયા ગામની પ્રદક્ષિણા કરતી ભવ્યાતિ ભવ્ય શોભા યાત્રા વાજતે ગાજતે નલિયા ગામના માર્ગોથી નીકળી હતી. જે નલિયા તીર્થની શોભા વધારતી હતી. આ રથયાત્રાનું વિશેષ આકર્ષણ ચાંદીના રથમાં પ્રભુજી સાથે સુંદર શણગારેલા







## સોનગઢ બોર્ડીંગમાં આયંબિલ આરાધનાની ઝલક





**સોનગઢ બોર્ડીંગમાં રહેતા વિદ્યાર્થીઓએ ચૈત્ર માસની ઓળી આયંબિલ ઓળીની આરાધનામાં ઉંમરભેર જોડાઈ તપ ધર્મ આરાધનાનો લાભ લીધો હતો.**

# નલિનપુર નગરે નલિયા તીર્થે પ્રભુજી મહાવીર જન્મ કલ્યાણકની ભવ્યાતિભવ્ય ઉજવણી કરાઈ







અલૌકિક ઉપકરણો હતા. ધર્મની ધજાનો રથ પણ આ શોભાયાત્રામાં વિશેષ આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો. તે સાથે માનવ મહેરામણની શોભા અને હર્ષ અનેરા હતા. આ પ્રસંગે પ્રભુજીની નવ અંગે પૂજા, પ્રભુજીને તેડીને શોભાયાત્રામાં ફરવાનો લાભ તથા પ્રભુજીને પોંખવાનો લ્હાવો આ સમગ્ર લાભ માતુશ્રી તારાબાઈ લહેરચંદ શીવજી નાગડા પરિવાર નલિયા હાલ ઘાટકોપરવાલાએ લીધેલ. તેમજ તે દિવસે સ્વામી વાત્સલ્ય શ્રી નલિયા સંઘ તરફથી યોજાયેલ હતો. રાત્રિના ભક્તિ ભાવનાની સુંદર ભાવસભર રમઝટ બોલાવવામાં આવી હતી. ગામ ગામથી મહેમાનો આ પ્રસંગે આવ્યા હતા. ભગવાન શ્રી મહાવીરના જન્મ કલ્યાણકની ઉજવણી પ્રસંગે શાસન પ્રભાવના રૂપ ઘર દીઠ દેશી ઘીના સાટાના બોક્સ ની પ્રભાવનાનો લાભ પણ માતુશ્રી તારાબાઇ લહેરચંદ શીવજી નાગડા પરિવારે  લીધેલ. આ શુભ પ્રસંગે સોનામાં સુગંધ ભળે તેમ શ્રી



# નલિનપુર નગરે નલિયા તીર્થે પ્રભુજી મહાવીર જન્મ કલ્યાણકની ભવ્યાતિભવ્ય ઉજવણી કરાઈ





નલિયા રત્ન વર્ધમાન તપોનિધિ પરમ પૂજ્ય શ્રી હીંકારસાગરજી મહારાજ સાહેબની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે હાલ ચૈત્ર સુદ સાતમથી આવતા વર્ષની ચૈત્ર સુદ પૂનમ એટલે કે તા.૨૮ માર્ચથી તા. ૨૩ એપ્રિલ સુધી સંપૂર્ણ વર્ષ દરમિયાન નલિયા આયંબિલ શાળામાં આયંબિલ કરાવવાનો સંપૂર્ણ લાભ **માતુશ્રી દેવકાબાઈ શીવજી નાગડા પરિવાર** હસ્તે **માતુશ્રી તારાબાઈ લહેરચંદ શીવજી નાગડા પરિવાર– નલિયા હાલ ઘાટકોપરવાળા**એ લીધેલ છે. આયંબિલ તપ એ જૈન ધર્મની અનંતા અંતરાય કર્મોને ક્ષય કરવાની શ્રેષ્ઠ સાધના છે.



## નલિયા આયંબિલ શાળાના વાર્ષિક લાભાર્થી દેવકાંબાઈ શીવજી લખમશી નાગડા

આયંબિલ એટલે આહારથી અન્ન આહાર તરફ લઈ જતી અનન્ય આરાધના, જીવ બધા જમે છે પણ જેને જમતા આવે તેને જિન ઉપાસક કહેવાય. આયંબિલ એ જૈન ધર્મની અનંતા અંતરાય કર્મોને ક્ષય કરાવતી શ્રેષ્ઠ સાધના છે. જૈનો તેમજ જૈનતરો પણ શ્રધ્ધાથી આ સાધનાનો લાભ લે છે.

ધર્મ અને સ્વાસ્થ્યની દ્રષ્ટિએ શ્રેષ્ઠ સાધના છે. આયંબિલ અનાદિકાળથી પડેલા આહારના સંસ્કાર પર વિજય મેળવવાની પ્રક્રિયા છે. સૃષ્ટિના દરેક જીવનો મોટા ભાગનો સમય આહાર શોધવામાં આહાર માટેના પુરૂષાર્થમાં અને આહાર ગ્રહ કરવામાં જ જાય છે.

આહાર સંજ્ઞા પર જે વિજય મેળવી શકે તે એકને એક દિવસ અનાહારક પદને એટલે કે મોક્ષને પામે છે.

સં.૨૦૭૯ ચૈત્ર સુદ સાતમથી સં.૨૦૮૦ ચૈત્ર સુદ પૂનમ સુધી એટલે તા.૨૮ માર્ચ ૨૦૨૩થી તા.૨૩ એપ્રિલ ૨૦૨૪ સુધી સંપૂર્ણ વર્ષ દરમ્યાન અબડાસા પ્રદેશના નલિયા નગરની આયંબિલ શાળામાં માતુશ્રી દેવકાંબાઈ શીવજી લખમશી નાગડા પરિવાર નલિયાવાળા હસ્તે માતુશ્રી તારાબાઈ લહેરચંદ નાગડા તરફથી આયંબિલ કરાવવામાં આવશે.



ગુરુગુણસૂરિ પટ્ટધર, સાહિત્ય સમ્રાટ્, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.

# શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજાનો

## કચ્છથી શંખેશ્વર - રાજસ્થાન દંતાણી તીર્થ - પાલનપુર - મહેસાણા - અમદાવાદ - આણંદ - વડોદરા નો

# સંભવિત વિહાર કાર્યક્રમ

| તિથિ | વાર | તારીખ | ગામ | કિ.મી. | અન્ય વિગત |
|---|---|---|---|---|---|
| ચૈત્ર સુદ-૩<br>ચૈત્ર સુદ-૧૫ | શુક્ર થી<br>બુધ | 24-3-2023 થી<br>5-4-2023 | ૭૨ જિનાલય તીર્થ<br>આયંબિલ ઓળી | - | સ્થિરતા |
| ચૈત્ર વદ-૧ | ગુરૂ | 6-4-2023 | મેરાઉ | - | |
| ચૈત્ર વદ-૨<br>ચૈત્ર વદ-૧૧ | શુક્ર<br>શનિ | 7-4-2023 થી<br>15-4-2023 | શ્રી ગુણપાર્શ્વનાથ જૈન<br>તીર્થ - દેઢિયા | - | સ્થિરતા |
| ચૈત્ર વદ-૧૨,૧૩ | રવિ, સોમ | 16/17-4-2023 | શ્રી અંબેધામ ગોધરા | - | ધજારોહણ |
| વૈશાખ સુદ-૨ થી ૬ | શુક્ર થી મંગળ | 21થી25-4-2023 | દેવપુર | - | વર્ષીતપ પારણા |
| વૈશાખ સુદ-૬ | મંગળ | 25-4-2023 | દેવપુર<br>સાંજે વાંઢ | <br>- | ધજારોહણ |
| વૈશાખ સુદ-૭ | બુધ | 26-4-2023<br>સાંજે | ૭૨ જિનાલય<br>યોગ્ય સ્થળે | - | ધજારોહણ |
| વૈશાખ સુદ-૮ થી<br>વૈશાખ સુદ-૧૧ | ગુરૂ થી<br>રવિ | 27થી30-4-2023 | શ્રી ગુણ પાર્શ્વનાથ જૈન તીર્થ<br>દેઢિયા | - | ધજારોહણ<br>ગૌવંશાલય ઉદ્ઘાટન |
| વૈશાખ સુદ-૧૨ | સોમ | 1-5-2023 | માંડવી | - | |
| વૈશાખ સુદ-૧૩ | મંગળ | 2-5-2023<br>સાંજે | કાંડાગરા<br>નવીનાર | - | ધજારોહણ |
| વૈશાખ સુદ-૧૪,૧૫ | બુધ-ગુરૂ | 3/4-5-2023 | ભુજપુર પાંગળાપોળ | - | ગુરૂમંદિર ખાતમુહૂર્ત |
| વૈશાખ વદ-૧ થી ૩ | શુક્ર થી રવિ | 5થી7-5-2023 | લાખાપુર | - | ધજારોહણ |
| વૈશાખ વદ-૨ | શનિ | 6-5-2023 | ભુજપુર પાંગળાપોળ | - | ગુરૂમંદિર શિલાસ્થાપના |
| વૈશાખ વદ-૩ | રવિ | 7-5-2023 | સાંજે રતાડીયા ગણેશ | - | |
| વૈશાખ વદ-૪,૫ | સોમ-મંગળ | 8/9-5-2023 | ભદ્રેશ્વર તીર્થ | - | ધજારોહણ |
| વૈશાખ વદ-૬ | બુધ | 10-5-2023 | ભુવડ | - | |
| વૈશાખ વદ-૭ | ગુરૂ | 11-5-2023 | અંજાર | - | |
| વૈશાખ વદ-૮ | શુક્ર | 12-5-2023 | રત્નમણી<br>ફ્રીડમ પંપ | 16<br>13 | |
| વૈશાખ વદ-૯ | શનિ | 13-5-2023<br>સાંજે | ભચાઉ<br>નમસ્કાર તીર્થ | 18<br>8 | |

| તિથિ | વાર | તારીખ | ગામ | કિ.મી. | અન્ય વિગત |
|---|---|---|---|---|---|
| વૈશાખ વદ-૧૦ | રવિ | 14-5-2023 | લાકડીયા | 18 | |
| | | સાંજે | ચિત્રોડ | 13 | |
| વૈશાખ વદ-૧૧ | સોમ | 13-5-2023 | ગાગોદર | 16 | |
| | | સાંજે | કાનપર | 10 | |
| વૈશાખ વદ-૧૨ | મંગળ | 16-5-2023 | આડેસર | 22 | |
| વૈશાખ વદ-૧૩ | બુધ | 17-5-2023 | રોઝુ | 22 | |
| | | સાંજે | સાંતલપુર | 10 | |
| વૈશાખ વદ-૧૪ | ગુરૂ | 18-5-2023 | સિધાડા | 16 | |
| | | સાંજે | યોગ્ય સ્થળ | 10 | |
| વૈશાખ વદ-૩૦ | શુક્ર | 19-5-2023 | રાધનપુર | 22 | |
| | | સાંજે | ગોચનાદ | 8 | |
| જેઠ સુદ-૧ | શનિ | 20-5-2023 | સમી | 18 | |
| | | સાંજે | ચંદુર | 9 | |
| જેઠ સુદ-૨ થી ૫ | રવિ-બુધ | 21/24-5-2023 | શંખેશ્વર મહાતીર્થ-મહુબાપા ભવન | 13 | 4 દિવસ સ્થિરતા |
| જેઠ સુદ-૬ | ગુરૂ | 25-5-2023 | સમી | 21 | |
| | | સાંજે | ગુજરવાડા | 10 | |
| જેઠ સુદ-૭ | શુક્ર | 26-5-2023 | વાલપુરા | 19 | |
| | | સાંજે | ટોટાણા | 8 | |
| જેઠ સુદ-૮ | શનિ | 27-5-2023 | દુગરાસણ | 20 | |
| | | સાંજે | શિહોરી | 10 | |
| જેઠ સુદ-૯ | રવિ | 28-5-2023 | ભીલડીયાજી | 22 | |
| | | સાંજે | ભદ્રકીર્તિધામ | 11 | |
| જેઠ સુદ-૧૦ | સોમ | 29-5-2023 | ભડથ | 23 | |
| | | સાંજે | ફુચાવાળા | 11 | |
| જેઠ સુદ-૧૧ | મંગળ | 30-5-2023 | મંડાર | 11 | |
| | | સાંજે | વરમાણ | 11 | |
| જેઠ સુદ-૧૨ | બુધ | 31-5-2023 | દંતાણી | 20 | 6 દિવસ સ્થિરતા |
| જેઠ વદ-૪ | બુધ | 7-6-2023 | ભટાણા | 11 | |
| જેઠ વદ-૫ | ગુરૂ | 8-6-2023 | ઈકબાલગઢ | 22 | |
| | | સાંજે | ચિત્રાસણી | 10 | |
| જેઠ વદ-૭ | શુક્ર | 9-6-2023 | જગાણા | 20 | |
| જેઠ વદ-૮ | શનિ | 10-6-2023 | સુલ્તાન પાર્શ્વનાથ તીર્થ | 22 | |
| | | સાંજે | સિદ્ધપુર | 5 | |

| તિથિ | વાર | તારીખ | ગામ | કિ.મી. | અન્ય વિગત |
|---|---|---|---|---|---|
| જેઠ વદ-૯ | રવિ | 11-6-2023 | ઊંઝા | 15 | |
| | | સાંજે | ઉનાવા | 5 | |
| જેઠ વદ-૧૦ | સોમ | 12-6-2023 | મહેસાણા | 21 | |
| જેઠ વદ-૧૧ | મંગળ | 13-6-2023 | નંદાસણ તીર્થ | 20 | |
| | | સાંજે | નવકાર તીર્થ | 10 | |
| જેઠ વદ-૧૨ | બુધ | 14-6-2023 | જીતેન્દ્ર વડેરા-બાડમેર | - | ફેક્ટરી પર સ્થિરતા |
| જેઠ વદ-૧૩ | ગુરૂ | 15-6-2023 | શાંતિગ્રામ | - | |
| જેઠ વદ-૧૪ | શુક્ર | 16-6-2023 | અડાલજ | 15 | |
| | | સાંજે | સાબરમતી | 10 | |
| જેઠ વદ-૩૦ | શનિ | 17-6-2023 | શાહીબાગ | 7 | |
| આષાઢ સુદ-૧,૨ | રવિ-સોમ | 18/19-6-2023 | પાલડી | 7 | |
| આષાઢ સુદ-૩,૪ | મંગળ-બુધ | 20/21-6-2023 | મણિનગર | 7 | |
| આષાઢ સુદ-૫ | ગુરૂ | 22-6-2023 | રાસ્કા | 22 | |
| આષાઢ સુદ-૬ | શુક્ર | 23-6-2023 | રાજેન્દ્રધામ | 20 | |
| આષાઢ સુદ-૭ | શનિ | 24-6-2023 | ઉવસગ્ગહરં | 20 | |
| આષાઢ સુદ-૮,૯ | રવિ-સોમ | 25/26-6-2023 | ગાલા બ્રશ | 15 | |
| આષાઢ સુદ-૧૦ | મંગળ | 27-6-2023 | વાસદ | 20 | |
| | | સાંજે | ૐ કાર તીર્થ | 7 | |
| આષાઢ સુદ-૧૧ | બુધ | 28-6-2023 | વડોદરા – નગર પ્રવેશ | 20 | |

- વિહાર કાર્યક્રમમાં સંજોગવસાત ફેરફાર થઈ શકે છે.
- દર્શન વંદનાર્થે આવતા પૂર્વે સંપર્ક કરવા વિનંતી.
- દેવચંદભાઈ - 9892793783, રણછોડ - 8369380690, અજય - 8690088038
- દંતાણીથી પાલનપુર, મહેસાણા, અમદાવાદ થઈ વડોદરા તરફ વિહાર થશે.

**અષાઢ સુદ-૧૪, શનિવાર 1 જુલાઈ 2023 ના શ્રી વડોદરા કચ્છી અચલગચ્છ જૈન સંઘ મધ્યે શ્રુતોપાસના ચાતુર્માસોત્સવે પ્રવેશ થશે.**

રાજુલ આર્ટસ, ૯૮૬૯૩૯૦૨૮૫

# કોઠારામાં મહાવીર જન્મ કલ્યાણકની ધામધૂમપૂર્વક ભવ્ય ઉજવણી કરાઈ



અબડાસા મોટી પંચતીર્થીનાં કોઠારા ગામે મહાવીર જન્મ કલ્યાણકની ભવ્યાતિભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. પ્રભુ મહાવીર સ્વામીની રથયાત્રામાં જૈન જૈનેત્તરો વિશાળ સંખ્યામાં જોડાયા હતા. ઢોલ-શરણાઇના સૂરો વચ્ચે ''પ્રભુ મહાવીર સ્વામિનાં જયજયકાર,, સાથે રથયાત્રા ગામમાં ફરી વળી હતી. પ્રભુજીને ખોળામાં લઇ રથમાં બેસવાનો તથા કલ્પવૃક્ષનાં ચડાવાનો લાભ માતુશ્રી જયાબેન રતનશી ધરમશી પરિવારે લીધો હતો. રથયાત્રામાં રાયચંદ લોડાયા, દીનેશ અજાણી, વીરચંદ ધરમશી, મણીલાલ છેડા, હરીશ મુનવર, વીકેશભાઇ ધરમશી, હીરાલાલ જીવાણી, શાંતીલાલ ધરમશી, કિર્તી ધરમશી, ઝવેરચંદ ખોના, રતીલાલભાઇ લોડાયા, પ્રફુલ્લ ધરમશી, વિનીત ધરમશી, સહિતનાં આગેવાનો જોડાયા હતા. પ્રભુજીનાં વરઘોડામાં સ્તવનોની રમઝટ પ્રબોધ મુનવરે જમાવી હતી.

સવારે કોઠારા પાંજરાપોળનાં અબોલા જીવોને લાપસી, ગોળ અને લીલો ઘાસચારો કર્મ-કનિષ્ક, જીયા, પર્વ-પાર્શ્વ હસ્તે માતૃશ્રી કસ્તુરબાઇ હીરાચંદ મુનવર પરિવાર દ્વારા અર્પણ કરવામાં આવેલ. સવારે નવકારશીનો લાભ માતુશ્રી ખેતબાઇ ચાંપશી ભવાનજી તથા માતુશ્રી લક્ષ્મીબાઇ વેલજી લોડાયા પરિવારોએ લીધેલ.બપોરનું સ્વામિવાત્સલ્ય પારસ રમણીકલાલ ગાંગજી શાહનંદ પરિવાર દ્વારા યોજાયું હતું.

વ્યવસ્થામાં ધનપતિ લોડાયા, પ્રદિપ મુનવર, દીનેશ મોતા, વર્ધમાન લોડાયા, ગિરીશ મોમાયા, પનુભા ધલ, નીલેશ લોડાયા, દામજી નાગડા તથા સર્વે કાર્યકરોએ સંભાળી હતી.

# કોઠારામાં ભગવાન મહાવીર કલ્યાણક દિને જીવદયાના કાર્ય કરાયા





મહાવીર સ્વામિ જન્મકલ્યાણ દિને કોઠારા પાંગળાપોળનાં અબોલા જીવોને કર્મ-કનિષ્ક-જીયા-પર્વ-પાર્શ્વ મુનવર હસ્તે માતૃશ્રી કસ્તુરબાઇ હીરાચંદ  મુનવર પરિવાર દ્વારા લાપસી-ગોળ તથા લીલો ચારો અર્પણ કરવામાં આવેલ.

વ્યવસ્થા હરીશ મુનવર, પ્રબોધ મુનવર, મણીલાલ છેડા, ઝવેરચંદ ખોના, મહેશ લોડાયા, દેવેન્દ્ર જીવાણીએ સંભાળી હતી. કોઠારા પાંગળાપોળ મધ્યે એક ઘોડો છે. જે બે આંખે અંધ છે. તેની પણ શ્રી કોઠારા પાંગળાપોળ ટ્રસ્ટ દ્વારા સેવાઓ થઇ રહી છે.આ ઘોડો અગાઉ બિનવારસુ મળી આવેલ હતો. જીવદયા પ્રેમીઓ તેની સેવા કરવા અહીં સુધી પહોંચે છે.

## તિરૂપુર સંઘમાં મહાવીર જન્મ કલ્યાણકની ઉજવણી કરાઈ





દક્ષિણ પ્રાંત વિભાગના તિરૂપુર નગર સંઘના શ્રી સુવિધિનાથ જૈન દેરાસરમાં તા.૪ એપ્રિલ મંગળવાર દિને પ.પૂ.આચાર્ય શ્રી વિમલસાગરસૂરિજી મ.સા.ની પાવન નિશ્રામાં સવારે ૮.૩૦ કલાકે ધામધૂમથી વાજતે ગાજતે શોભાયાત્રાનું આયોજન કરાયું હતું. રથમાં બેસવાના લાભાર્થી કાર્તિક સોલંકી, રથયાત્રા બાદ મ.સા.એ વ્યાખ્યાન આપ્યું હતું. કુલ્લ ૩૦૦ થી ૪૦૦ જણ સમગ્ર આયોજનમાં સહભાગી થયા હતા. સંઘના શ્રાવક ભાઈ બહેનો માટે નવકારશી રખાઈ હતી.

સાંજે મહાઆરતી થઈ હતી અને સંઘની પ્રભાવના કરાઈ હતી. ટ્રસ્ટી દીપક છેડા, રતિલાલ વેરશી નાગડા, પ્રતાપ હંસરાજ નાગડા, રાજીવ મોમાયા ઈત્યાદિ સમગ્ર કાર્યક્રમ આયોજનની સુચારૂપણે વ્યવસ્થા કરી હતી.

## અબડાસા વિભાગના સાંધવ ગામે મહાવીર જન્મ કલ્યાણક ધર્મભાવ સાથે ઉજવાયો







કચ્છ પ્રદેશના અબડાસા વિભાગના સાંધવ ગામે પ.પૂ.સાધ્વીશ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા.ની પાવન નિશ્રામાં હર્ષોલ્લાસપૂર્વક તા.૪ એપ્રિલ મંગળવારના દિને ભગવાન શ્રી મહાવીર જન્મ કલ્યાણકની ઉજવણી કરાઈ. વાજતે ગાજતે રથયાત્રા યોજાઈ. જેમાં સંઘના શ્રાવક શ્રાવિકાઓ ઉમંગભેર જોડાઈ ધન્ય ધન્ય થયાં હતા. વિવિધ ધર્મ આરાધનાઓ કરી લાભ લીધો હતો.

## કેડીઓ જૈન મહારાષ્ટ્ર એકમ દ્વારા જુનિયર સુર સમ્રાટનું ઓનલાઈન આયોજન

શ્રી ક.દ.ઓ.જૈન મહારાષ્ટ્ર એકમ દ્વારા મહારાષ્ટ્ર એકમના જુનિયર સુર સમ્રાટનું વોટસએપ ગ્રુપ ઉપર આયોજન તા.૨૨ એપ્રિલ શનિવાર રાતે ૮ થી ૧૦ દરમ્યાન કરાયું છે. મ્યુઝિકલ ઓનલાઈન કોમ્પિટિશનમાં ૧૫ વર્ષ સુધીના બાળક-બાલિકાઓ ભાગ લઈ શકશે. રજીસ્ટ્રેશન તા.૧૨ એપ્રિલ સુધી ખુશાલી મૈશેરી-૮૦૮૭૯૯૩૩૫૧ પાસે કરાવી લેવું.


**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા


# માતુશ્રી મોંઘીબેન મણશી જીવરાજ દેવાણી કન્યા છાત્રાલય જામનગરમાં જ્ઞાતિ બાળાને માટે નિઃશુલ્ક રહેવા ભણવાની સુવિધા

જામનગરમાં માતુશ્રી મોંઘીબેન મણશી જીવરાજ દેવાણી કન્યાછાત્રાલયમાં ૩૫ થી ૪૦ બાલિકોને માટે રહેવા જમવા અને શિક્ષણ સુવિધા નિઃશુલ્ક જ્ઞાતિ બાલિકાઓને પ્રદાન કરે છે. જામનગરમાં આર્ટ, કોમર્સ, સાયન્સ, એન્જિનિયરીંગ તેમજ આયુર્વેદિક કોલેજ ઉચ્ચ કક્ષાનું શિક્ષણ પ્રદાન કરે છે. ગુજરાત સરકાર પણ બાલિકાઓમાં શિક્ષણનું પ્રમાણ વધે એ માટે પ્રયત્નશીલ છે.

# જામનગરની કન્યાછાત્રાલય માટે ગૃહમાતાની ખાલી જગા માટે આવેદન પત્રની સૂચના

કચ્છી દશા ઓસવાલ સમાજની ગુજરાતના જામનગરમાં કન્યાઓ માટે રહેવા, જમવા અને શિક્ષણ અભ્યાસ માટે નિઃશુલ્ક એવા પ્રદાન કરે છે. સદર કન્યાછાત્રાલયમાં બાલિકાઓની સંભાળ, રાખી શકે એવા બહેનની ગૃહમાતા તરીકે જરૂર છે. આ પદસ્થાને નિમણુંક પામનાર ગૃહમાતાને રહેવા જમવાની વ્યવસ્થા સંસ્થા દ્વારા અપાશે. ઈચ્છુક બહેનોએ વધુ વિગત માટે .... સંપર્ક કરવો.

# ભાવભીની શ્રદ્ધાંજલિ




**મધુકરભાઈ લાલકા**
તા.૨ એપ્રિલ (ઉ.૮૨)
બાંઢિયા-પુના



**જીતેન્દ્રભાઈ મોતા**
તા.૩ એપ્રિલ (ઉ.૬૪)
તેરા-અંકલેશ્વર



**તેજલબેન મૈશેરી**
તા.૪ એપ્રિલ (ઉ.૫૦)
જખૌ-મુલુંડ



**ગૌરવ લોડાયા**
તા.૪ એપ્રિલ (ઉ.૩૯)
નાની ખાવડી-થાણા




**પ્રેમીલા નાગડા**
તા.૫ એપ્રિલ (ઉ.૭૫)
લાલા-ડોંબિવલી



**ચંદ્રકાતભાઈ ભાટે**
તા.૫ એપ્રિલ (ઉ.૮૦)
નલિયા-પુના



**વિરચંદભાઈ ધરમશી**
તા.૬ એપ્રિલ (ઉ.૮૯)
સુથરી-નવી મુંબઈ



**કિરણકુમાર લોડાયા**
તા.૭ એપ્રિલ (ઉ.૬૬)
સાંધવ-મુલુંડ



**નવીનચંદ્ર મોમાયા**
તા.૮ એપ્રિલ (ઉ.૭૪)
સાંયરા-માટુંગા

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**

# ઉદાર હાથે સહાય કરો
# અને જ્ઞાતિસેવાનો લાભ લો

KDO JAIN GLOBAL CARD

KDO Swaroj

KDO BUSINESS

KDO SANJIVANI

**80G સર્ટિફીકેટ**

**C.S.R.**

CORPORATE SOCIAL RESPONSIBILITY

KDO દિવ્યાંગ

स्वाभिमान

AAWAAS

KDO UDAAN

**For NEFT Transfer**

| | | |
|---|---|---|
| Type of Account | : | Saving |
| ccount Number | : | 002001005497 |
| Name of the Bank | : | Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : | Mulund (West) Mumbal - 400 080. |
| Name Account | : | Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | | |
| Our IFSC Code | : | ICIC00ARIHT |

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન



# વતનજા વાવડ ...



– સં. રાજન ચંદે 'ધૂની'

● ભુજોડીના વણાટ કામના કારીગર પચાણભાઈ પ્રેમજી સીજુના જીવન પર એક પ્રેરણાદાયી ડોક્યુમેન્ટ ફિલ્મ રાજકોટના રોહન રાવએ બનાવી છે તેઓ હાલ અમેરિકામાં ડોક્યુમેન્ટરી ફિલ્મ મેકિંગનો કોર્સ કરીને અનેક પ્રેરણાદાયી અને એવોર્ડ વિનિંગ ડોક્યુમેન્ટરી બનાવી છે. ગુજરાતી ભાષામાં થ્રી થ્રેડસ નામથી બનાવેલી ડોક્યુમેન્ટરી અનેક રીતે પ્રેરણાયી તેમજ કચ્છના વણાટ કામની પારંપારિક કલા કારીગરની દુનિયાના દર્શન કરાવે છે. ઓછું અભ્યાસ છતાં સખત મહેનત અને ધગશથી પ્રગતિના સોપાન સર કરી શકાય છે એ વણાટ કામના કારીગર પચાણભાઈ સીજુએ સાબિત કર્યું છે. જે આ ડોક્યુમેન્ટરીમાં દર્શાવાયું છે. ૨૪ મિનિટની શોર્ટ ફિલ્મનું સંગીત જગત જીત વાલેચાએ આપ્યુંછે. જેઓ ફિલ્મી સંગીતકારએ આર રહેમાન સાથે કામ કર્યું છે.

● કચ્છના ખારાઈ જાતિના ઊંટ એક અનોખી જાતિ છે જે તરી શકે છે. આ જાતિના ઊંટો તેમના ચરવાના વિસ્તારોમાં પહોંચવા માટે સમુદ્રમાં લાંબા અંતર સુધી તરી જાય છે. સામાન્ય રીતે ઊંડા પાણીમાં એક સમયે ૩ કિમીથી વધુ તરણ કરી શકે છે. તેઓ મોટા પ્રમાણમાં ચેરિયા અથવા ખારાછોડની જાતો ખાય છે. ચોમાસા દરમ્યાન ઊંટોને ચેરિયાના ટાપુઓ પર ત્રણ મહિના માટે છોડી દેવામાં આવે છે. વરસાદી પાણી જમીન પર ડિપ્રેશનમાં ભેગું થતું હોવાથી તેમની પાસે પીવાના પાણીનો સ્ત્રોત છે. એક પુખ્ત ઊંટને દિવસમાં ૨૦ થી ૪૦ લિટર પાણીની જરૂર પડે છે. ગુજરાતના છ દરિયાકાંઠાના જિલ્લાઓમાં ફેલાયેલા આ ઊંટોની સંખ્યા ઘટીને પાંચ હજાર થઈ ગઈ છે. દરિયાકાંઠે ભારે ઔદ્યોગિકકરણને કારણે સતત ઘટી રહેલા ચેરિયાવને ઊંટોના પરંપરાગત ચરાઈ માર્ગોને અસર કરી છે.


● કચ્છના વિશ્વ વિખ્યાત ધોરડો સફેદ રણમાં આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ ૨૦૨૩માં દેશ વિદેશના પતંગબાજો એ અવનવી ડિઝાઈનના રંગબેરંગી પતંગો આકાશમાં લહેરાવ્યાં હતાં. ઈન્ડોનેશિયા, ઈઝરાયલ, લેબનોન, લીથુઆનિયા, મલેશિયા, મોરેશિયસ, મેક્સિકો, મોરોકકો, નેપાળ, નેધરલેન્ડ, બોનાએર, ઓસ્ટેશિયસ, પોલેન્ડ, પોર્ટુગલ, દક્ષિણ આફ્રિકા તથા સ્લોવેનિયનના પતંગબાજો એ ગગનમાં પતંગો લહેરાવી અનેરૂ આકર્ષણ જમાવ્યું હતું. ભારતમાંથી રાજસ્થાન, સિક્કિમ, મધ્યપ્રદેશ, તેલંગણા, પંજાબ, ઓડિશા, કર્ણાટક તથા ગુજરાતના પતંગબાજો એ પણ પેચ લડાવ્યા હતા. બોલીવુડ અભિનેતા કાર્તિક આર્યન અને અભિનેત્રી ચિત્રાંગદા સિંહ પણ હાજરી પૂરાવી હતી.

● ભૂજ તાલુકાના ઢોરી ગામની ગૌશાળા એ ઉછેર સાથે મોટો કરેલો કાંકરેજ જાતિની નસલનો નંદી ૩.૯૧ લાખની વિક્રમજનક કિંમતે વેંચાણ થયો. પાંચ વર્ષનો આ નંદી મૂળ જ ઉચ્ચ નસલના લક્ષણ ધરાવતો હતો. શરીરની ઊંચાઈ, લંબાઈ અને છટાદાર શિંગના કારણે આ નંદી સૌ કોઈને માટે આકર્ષણ બન્યો હતો. પંજાબના પટિયાલાથી આવેલા પૂરણ સિંહ સૂરજિત સિંહે આ નંદીની રૂા.૩.૯૧ લાખ કિંમત આંકી, પંજાબમાં ગૌસંવર્ધન માટે આ નંદી ખરીદી લીધો હતો. આ નંદી નાનો હતો ત્યારે જ તેને આવા બે લાખની કિંમતે નખત્રાણા તાલુકાના ગંગોણથી ખરીદાયો હતો. આ નંદી થકી ઢોરી ગામની ગાયોમાં ઉચ્ચ નસલનું સંવર્ધન થયું છે. આ નંદી થકી ગાયોના વાછરડા-વાછરડી પણ દ્રષ્ટપુષ્ટ પેદા થયા છે.

● સ્ટાર્ટઅપ દ્વારા દેશભરમાંથી અનેક પ્રતિભાઓ પ્રકાશમાં આવી છે. આવી જ એક યુવા પ્રતિભા કચ્છની છે. ભુજ નજીકના માધાપર જૂનાવાસ શિવનગરના લખન જયેશભાઈ પરમાર ભવાની ઓટોવાળાએ કચ્છનું સર્વ પ્રથમ હાઈબ્રીડ મોપેડ (યામાહા ફશીનો) બનાવ્યું છે. જે સમગ્ર ગુજરાતમાં પ્રથમ અને ભારતનું ત્રીજું હાઈબ્રીડ મોપેડ છે. આ મોપેડ પેટ્રોલ અને બેટરી એમ બે રીતે ચાલે છે. સિંગલ સીટમાં ૫૦ કિ.મી.ની ટોપ સ્પીડ અને ડબલ સીટમાં ૪૦ કિ.મી.ની ઝડપે ચાલે છે. ફૂલ ચાર્જમાં ૬૫ કિ.મી. ચાલે છે અને બે યુનિટ જેટલો વીજળીનો વપરાશ કરી બે કલાકમાં ફૂલ ચાર્જ થઈ જાય છે. બેટરીમાં ઓટો પાવર કટની સુવિધા મૂકી છે જેથી ક્યારે પણ શોર્ટસર્કિટ જેવી પરિસ્થિતિ સર્જાય નહીં.

Diamond manufacturers,
Exporter’s & Importer’s
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com

E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)